# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### ડાકોર નગરપાલિકાની વહીવટી સ્થિતિ કથળી રહી હોવાથી નગરજનો પારાવાર પરેશાન

# ડાકોરમાં હજારો યાત્રાળુ વચ્ચે એક જ જાહેર શૌચાલય

**એસટીડેપો થી મંદિર** સુધી માત્ર એકજ શૌચાલયની વ્યવસ્થા

**ડાકોરમાં** શૌચાલયના અભાવે હજારો યાત્રાળુઓ પરેશાન

(પ્રતિનિધિ) ડાકોર તા 18

સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં જરૂરીયાત મુજબ શૌચાલયની સુવિધા ઉપલબ્ધ ના થવાથી છેલ્લા ઘણા સમયથી પારાવાર હાલાકી હજારો યાત્રાળુઓ સહિત સ્થાનિક નગરજનો વેઠી રહેલ છે. ડાકોર બસ ડેપોથી ભગવાન રણછોડરાયજીના મંદિર સુધી જવાના રસ્તા સહિત સમગ્ર વિસ્તારમાં માત્ર એક શૌચાલયની વ્યવસ્થા છે. જેથી નવા વધુ શૌચાલય બનાવવાની માંગ ઉઠી છે.

યાત્રાળુઓ સહિત ડાકોર નગરજનો અને આસપાસના ગામોમાંથી આવતા નાગરિકોથી ભરચક રહેતા મુખ્ય માર્ગ પર એકમાત્ર શૌચાલય છે. જે શૌચાલયની હાલત પણ ખૂબ જ દુર્ગંધ અને ગંદકીવાળુ બની ગયું છે. પારાવાર ગંદકીને કારણે શૌચાલયની વ્યવસ્થા મેળવવા માટે પણ ખુબ જ વિકટ પરિસ્થતિ વેઠવી પડે છે. શૌચાલય મંદિરથી માત્ર પચાસેક ફુટના અંતરે ટોયલેટ છે . જેથી યાત્રાળુઓ સહિત નગરજનો



આવી પરિસ્થિતિને કારણે મુશ્કેલીઓ અનુભવી રહ્યા છે. સમગ્ર વિસ્તારમાં માત્ર એકજ શૌચાલયની વ્યવસ્થા હોવાથી કાયમી ધોરણે સમસ્યાનો નિકાલ થાય તે માટે તંત્ર દ્વારા વહેલામાં વહેલી તકે ચારથી પાંચ સ્થળોએ નવા શૌચાલય બનાવવાની કામગીરી કરવામાં આવે તેવી તાતી જરૂરિયાત ઉભી થયેલી છે. જેથી વહીવટી તંત્ર દ્વારા આગામી દિવસોમાં યાત્રાળુઓને શૌચાલયની વ્યવસ્થા મળે તે માટે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી વ્યક્ત કરવામાં આવી છે.

#### ડાકોર નગરપાલિકાના બેદરકારીભર્યા વહીવટને કારણે સમસ્યાઓની ભરમાર

ડાકોરમાં સ્થાનિક વહીવટી તંત્ર બિલકુલ બેદરકાર હોવાના કારણે પારાવાર સમસ્યાઓનો સામનો નગરજનોને કરવો પડી રહ્યો છે. આ બાબતે ડાકોરના અગ્રણી મુગેશ પટેલ દ્વારા જણાવાયું છે કે આગામી ફાગણી પૂનમના ઉત્સવને ગણતરીના દિવસો જ બાકી છે. આવા સંજોગોમાં ડાકોર નગરપાલિકાની ઘોર બેદરકારી જોવા મળે છે. ડાકોર એસટી બસ સ્ટેન્ડથી રણછોડજી મંદિર સુધી શૌચાલયની વ્યવસ્થા નથી. શ્રી રણછોડજી મંદિર પાસે માત્ર એક જ શૌચાલય છે. આ એકમાત્ર શૌચાલય પણ અતિશય ખરાબ સ્થિતિમા છે. જેથી ડાકોરનગર પાલિકા દ્વારા શૌચાલયની વ્યવસ્થા વહેલી તકે કરવી જોઈએ.

#### એકમાત્ર શૌચાલય તૂટેલી હાલતમાં ફેરવાઇ ગયેલ છે જેથી કફોડી સ્થિતિ

ડાકોરમાં હંમેશા ભરચક રહેતા વિસ્તારમાં જ એકમાત્ર શૌચાલય છે. આ શૌચાલયની વ્યવસ્થા પણ હાલમાં ખૂબ જ મુશ્કેલ બની છે. કારણકે શૌચાલયની અંદર જ પત્થરો અને ટોયલેટ તુટી ગયેલ છે. જેથી ડાકોરના નગરજનો સહિત મોટી સંખ્યામાં આવતા શ્રધ્ધાળુઓ પણ મુશ્કેલીઓ અનુભવી રહ્યા છે.

#### શૌચાલય માટે કાર્યવાહી કરીશું

ડાકોરમાં શૌચાલયના અભાવે હજારો યાત્રાળુઓ અને નગરજનોને વેઠવી પડતી મુશ્કેલીને કારણે શૌચાલયની સુવિધા ઉપલબ્ધ બનાવવા માંગ ઉઠી છે. આ બાબતે ઠાસરાના મામલતદાર અને પાલિકાના વહીવટદાર જસ્મીનબેનનો સંપર્ક કરતાં તેઓએ ટેલીફોનિક વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે હુ તપાસ કરીને શૌચાલયની વ્યવસ્થા બાબતે યોગ્ય કાર્યવાહી કરીશું. તેવી ખાતરી આપી હતી.

---

### ખોટા દાગીના પોતાના જ ઘરના વ્યક્તિના નામે ખોટુ વેલ્યુએશન કરી કૌભાંડ આચર્યું

# ઠાસરાની બેન્કમાં 250 તોલા ખોટું સોનું મુકાવી કૌભાંડ કરાયું

**વેલ્યુઅર પોતાનું** કામકાજ બંધ કરીને રફુચક્કર થઇ જતાં ચકચાર

(પ્રતિનિધિ) ઠાસરા તા.18

ઠાસરા વેપારી મંડળ કોઓપરેટીવ ક્રેડિટ સોસાયટીમાં નિયુક્ત થયેલા વેલ્યુઅરે ખોટા દાગીનાની સાચુ હોવાનું જણાવી લાખો રૂપિયાની ગોલ્ડ લોન આપવામાં મદદગારી કરી હતી ઠાસરામાં આવેલી બેંક સાથે ગોલ્ડ વેલ્યુઅરે જ છેતરપિંડી કરી હોવાની માહિતી પ્રકાશમાં આવી છે. જોકે આ અંગેની વિગતો ગત જાન્યુઆરી માસમાં ઉજાગર થવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. હાલમા વેલ્યુઅર કામકાજ બંધ કરીને રફુચક્કર થઈ જતાં ચકચાર મચી છે.

ખોટું ગોલ્ડ સંસ્થાને આપીને લાખ્ખો રૂપિયાની લોન મેળવવામા આવી હતી. લોન મેળવનાર ગ્રાહકની લોન ઓવરડ્યુ થતાં તપાસ થતાં કૌભાંડની જાણકારી બેન્ક સત્તાવાળાઓને થઈ હતી. ચિરાગ ચોક્સી નામના ગોલ્ડ વેલ્યુઅરે ખૂબ મોટી છેતરપિંડી કરી હોવા છતાં પણ હજુ સુધી બેન્ક ડિરેક્ટરો ફરિયાદ નોંધાવી નથી. જોકે આગામી દિવસોમાં આ મામલો વધુ ઉગ્ર બનતા ફરિયાદ નોંધાવવામાં આવે તેવી તજવીજ કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

ઠાસરાની કોઓપરેટીવ બેન્ક પાસેથી લાખો રૂપિયાની ગોલ્ડ લોન મેળવવા કૌભાંડ કરનાર ચિરાગ ચોકસીએ પોતાની દુકાન છેલ્લા બે દિવસથી બંધ કરીને ભૂગર્ભમાં ઉતરી ગયો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

#### વેલ્યુઅરે જ સમગ્ર કૌભાંડ આચર્યું

ઠાસરાની કોઓપરેટીવ બેન્કના મેનેજિંગ ડિરેક્ટરનો ભત્રીજો ચિરાગ ચોક્સીએ વિવિધ ગ્રાહકોના નામે અંદાજે 250 તોલા જેટલું નકલી સોનું સંસ્થાને પધરાવીને લાખો રૂપિયાની લોન અપાવી હતી. આ ઉપરાંત વેલ્યુઅરે પોતાના જ ઘરના ખોટા દાગીના પોતાના જ ઘરના વ્યક્તિના નામે બોગસ વેલ્યુએશન બનાવી કૌભાંડ આચર્યું હતું, વેલ્યુઅર ચિરાગ ચોકસીએ પત્ની ઉમિશા ચોકસી , મમ્મી ભારતીબેન ચોક્સી અને ભાઈ દેવાંગ ચોકસીના નામે ખોટા દાગીના મૂકી ખોટું વેલ્યુએશન કરી બેંક સાથે કૌભાંડ આચર્યું છે.

---

## પેટલાદમાં જુગાર રમતાં ચાર પકડાયાં

(પ્રતિનિધિ) પેટલાદ તા.18

પેટલાદ શહેરના નારીયાપાડા મહોલ્લામાં જાહેરમાં જુગાર રમતાં ચાર શખ્સને પોલીસે પકડી પાડ્યાં હતાં.

પેટલાદ ટાઉન પોલીસને બાતમી મળી હતી કે, નારીયાપાડા મહોલ્લામાં ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સ ટોળે વળી પત્તા પાનાનો જુગાર રમી રહ્યાં છે. આ બાતમી આધારે પોલીસે ટીમ બનાવી 17મી માર્ચના રોજ દરોડો પાડ્યો હતો. આ દરોડામાં ચાર શખ્સ જુગાર રમતા પકડાયાં હતાં. જેમની પુછપરછ કરતાં તે ભરત પુનમ રાણા, સતીષ રમેશ રાણા, રમેશ મફત રાણા અને કનુ આશા તળપદા હોવાનું જણાવ્યું હતું. પોલીસે તમામ પાસેથી રોકડ સહિત કુલ રૂ. 1820નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને જુગારધારા હેઠળ ગુનો નોંધ્યો હતો.

---

### આણંદમાં તળાવની ફેન્સિંગ પરના ચિહ્નો મામલે તર્ક વિતર્ક




આણંદની લોકસભાની ચૂંટણીની જાહેરાત થયા બાદ સમગ્ર તંત્ર આદર્શ આચારસંહિતાના પાલન માટે કામે લાગી ગયું છે. ઠેકઠેકાણે લગાવેલા રાજકીય પક્ષો અને નેતાઓના બેનરો હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. ત્યારે આણંદના વ્યાયામ રોડ પર આવેલા તળાવ ફરતે રાજકીય પક્ષના ચિહ્નોવાળી ફેન્સિંગ બનાવવામાં આવી છે. હવે ચુંટણી પ્રક્રિયા દરમિયાન ચિન્હ પ્રદર્શિત ના થાય તે માટે તંત્ર કેવી કાર્યવાહી કરે છે તે જોવાનું રહ્યું છે. જોકે આ બાબતે આ માર્ગ પરથી પસાર થતા સૌ કોઇ ચિહ્નો હટાવાશે કે કેમ એ બાબતે અનેક તર્કવિતર્કો થઈ રહ્યા છે.

---

# નડિયાદમાં ઘરથાળના પ્લોટ પર કોમર્શિયલ બાંધકામ થતાં વિવાદ

**વર્ષો પહેલા સરકારે** ફાળવેલો પ્લોટ વિધર્મીને વેચી મારતા મામલો કલેક્ટર પાસે પહોંચ્યો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.18

નડિયાદની ઓમનગર સોસાયટીમાં છેલ્લુ મકાન વિધર્મી ઈસમોએ વેચાણ કરાર કરી લઈ કોમર્સિયલ ઉપયોગ શરૂ કરતા મામલો બિચક્યો છે. આ બાબતે સોસાયટીના રહીશોએ જિલ્લા કલેક્ટરને રજૂઆત કરી છે અને પુરાવા રજૂ કરી કાયદેસરની કાર્યવાહી કરવા માગ કરી છે.

નડિયાદમાં કબ્રસ્તાન ચોકડીથી મરીડા ભાગોળ જતા મુખ્ય રસ્તા પર શાંતિ ફળિયાની સામે આવેલી ઓમનગર સોસાયટીના પ્લોટ વર્ષ 1973માં મહેસુલ અને ઉદ્યોગ વિભાગના ઠરાવ મુજબ ઘરથાળ માટે જમીન ફાળવી હતી. 22 સભ્યોને ફાળવેલા પ્લોટ પર જે-તે સમયે તમામ લાભાર્થીઓ મકાન બાંધીને વસવાટ શરૂ કર્યો હતો. આ પૈકી 1995માં શનાભાઈ મકવાણા નામના લાભાર્થીએ સરકારી નિયમોને નેવે મૂકી અને બાજુની મુસ્લિમ બાહુલ સોસાયટીમાં રહેતા મહોમંદભાઈ ઈબ્રાહીમભાઈ બલોલને વેચાણ કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, તે વખતે દસ્તાવેજ થઈ શક્યો ન હતો. પરંતુ આ વિધર્મી ઈસમે આ મોકાની જગ્યા પર નજર બગડી હોવાથી તેણે પુનઃ દસ્તાવેજ કરવા માટે 1998માં અરજી કરી હતી અને તે વખતે આ સરકારે ઘરથાળ માટે ફાળવેલો પ્લોટ સરકારી નિયમો વિરુદ્ધ જઈ વેચાણ કરાર કરી લીધો હતો. સોસાયટીના રહીશોએ જિલ્લા કલેક્ટરને કરેલી ફરીયાદમાં જણાવ્યુ છે કે, આ ખરીદી કરનારો મહોમંદભાઈ બલોલ પહેલાથી જ ભૂમાફીયા વૃતિ ધરાવતો હોવાના કારણે તેણે ખોટી રીતે દસ્તાવેજ કર્યો હતો. હાલ તે આ જગ્યા પર કોમર્સિયલ બાંધકામ કરી રહ્યો છે.

હાલ મુખ્ય રોડને અડીને આવેલી આ સોસાયટીમાં તમામ મકાનો દલિત સમાજના છે. તેમજ બાજુમાં જ મુસ્લિમ ધર્મની સોસાયટી આવેલી છે. તેવા સંજોગોમાં આ મકાન વિધર્મી દ્વારા રાખવામાં આવ્યુ હોવાથી તે ભવિષ્યમાં અન્ય લોકો પાસે પણ એનકેન પ્રકારે વેચાણ દસ્તાવેજ કરાવી લે તેવી સંભાવનાઓ સ્થાનિકો વ્યક્ત કરી રહ્યા છે અને ખાસ કરી આવા સમયે દલિત સમાજના રહીશો પર સંકટ ઉભુ થાય તેવી પરીસ્થિતિ દેખાઈ રહી છે. ત્યારે આ સમગ્ર મામલે તાકીદે જિલ્લા કલેક્ટર દ્વારા આ મામલો ધ્યાને લઈ વિધર્મી દ્વારા કરાયેલો વેચાણ દસ્તાવેજ રદ કરી નાખવામાં આવે તેવી માગ ઉઠી છે.



#### જિલ્લા કલેક્ટર પાસે દાદ માંગી છેઃ ફરીયાદી

આ સમગ્ર મામલે ફરીયાદી હિમાંશુ પરમાર સાથે વાતચીત કરતા તેમણે જણાવ્યુ હતુ કે, આ મામલે સોસાયટીના રહીશોની લડત લાંબા સમયથી ચાલી રહી છે. જો કે, તે અંગે કોઈ નિવેડો તંત્ર દ્વારા લાવવવામાં આવતો નથી. જેના કારણે હાલ આ ઈસમો દ્વારા ગેરકાયદેસર રીતે કોમર્સિયલ બાંધકામ પણ શરૂ કરી દેવાયુ છે. જેથી અમારે નાછૂટકે જિલ્લા કલેક્ટરને ફરીયાદ આપી દાદ માંગવી પડી છે અને અમને આ મામલે તાકીદે ન્યાય મળે અને આ બાંધકામ રોકાવડાવી જમીન શ્રી સરકાર કરાય તેવી અમારી જિલ્લા કલેક્ટર સમક્ષ માંગણી છે.

#### જમીન વેચાણ લઈ બક્ષીસ કરી નાખી

આ સમગ્ર મામલે સૌથી ચોંકાવનારી માહિતી એવી છે કે, મહોમંદ બલોલ દ્વારા આ શનાભાઈ મકવાણા પાસેથી ગેરકાયદસેર રીતે સરકારે ફાળવેલા ઘરથાળ જમીનનો પ્લોટ વેચાણ કરી લીધો છે. ત્યારબાદ કાયદાની આંટીગુંટીમાં ન ભરાય તે હેતુસર મહોમંદ બલોલે પોતાના જ સગા ભાઈ ફારૂક બલોલને બક્ષીસ કરી ભેટમાં આપી દીધો હોવાનો સરકારી રેકર્ડ ઉભો કર્યો છે. જેથી આ બક્ષીસ કરાર પણ માત્ર કાયદાની રમતના ભાગરૂપે કરાયો હોવાના આક્ષેપ સ્થાનિકો કરી રહ્યા છે.

---

# બોરસદનાટોલનાકાપર દારૂ ભરેલી કાર પકડાઈ

**મુંબઈથી દારૂ ભરી** દંપતી તેને ચોટીલા પહોંચાડવા નિકળ્યાં

(પ્રતિનિધિ) બોરસદ તા.18

બોરસદ ગ્રામ્ય પોલીસે બોચાસણ ટોલનાકા નજીક બાતમી આધારે રોકેલી કારમાં તલાસી લેતા 1.10 લાખનો વિદેશી દારૂ મળી આવ્યો હતો.

બોરસદ ગ્રામ્ય પોલીસે બગોદરા હાઈવે પર બોચાસણ - ડભાસી ટોલ પ્લાઝા પાસે સફેદ કલરની કાર શંકાના આધારે રોકી હતી. આ કારના ચાલકની પુછપરછ કરતાં તે કાશીરામ ચંદ્રકાંત આંગણે (રહે. મહારાષ્ટ્ર) હોવાનું જણાવ્યું હતુ. જ્યારે બાજુમાં બેઠેલા મહિલાને પુછતાં તે પ્રિયંકા પ્રશાંત મુંગેકર (રહે. પાલઘર, મહારાષ્ટ્ર) હોવાનું જણાવ્યું હતું. આ બન્ને પતિ - પત્ની હોવાનું જણાવ્યું હતું. જોકે, પોલીસે કારમાં તલાસી લેતા ટ્રાવેલીંગ બેગ મળી આવી હતી. જે ખોલી જતાં તેમાં કાળા કલરની પોલીથીનની બે કોથળીમાં વિદેશી દારૂ હતો. આ ઉપરાંત ડીકી ખોલતા તેમાં 1.10 લાખનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. આથી, પોલીસે બન્નેની અટક કરી આગવી ઢબે પુછપરછ કરતાં આ દારૂ મુંબઈથી ભરી લાવ્યાં હતાં અને ફિરોજ અહેમદ અગવાન (ઘાંચી) (રહે. રાજકોટ)ને ચોટીલા આપવાની કબુલાત કરી હતી. આ કબુલાત આધારે પોલીસે કાશીરામ ચંદ્રકાંત આંગણે, પ્રિયંકા કાશીરામ આંગણે અને ફિરોજ અહેમદ અગવાન સામે ગુનો નોંધી દારૂ, કાર, રોકડ સહિત કુલ રૂ. 7.60 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

---

# કઠલાલમાં ગેમ્સની એપ થકી સાયબર ગઠિયાએ નાણાં ઉપાડ્યાં

**માતાના મોબાઇલમાં** ગેમ્સ રમતી બાળકીએ સવાલ - જવાબની રમતમાં ઓટીપી આપી દીધો

(પ્રતિનિધિ) કઠલાલ તા.18

કઠલાલમાં 42 વર્ષિય ગૃહિણીએ પોતાના કિશોર અવસ્થાના સંતાનને મોબાઈલ ગેમ્સ રમવા આપ્યો અને બાળક બુદ્ધિએ એપ્સ પર પ્રશ્નોના સાચા જવાબ આપતા આપતાં ગઠિયાએ ઓટીપી મેળવી રૂપિયા 86,750 ઓનલાઈન ઉપાડી લીધા હતા. આ બનાવની જાણ ગૃહિણીને થતાં એપ રીમુવ કરતા કરતા આટલા નાણાં ગઠીયાએ ઉપાડી લીધા હતા.

આ બનાવ મામલે ગતરોજ ગૃહિણીએ કઠલાલ પોલીસમાં આ ઠગાઈ આચરનાર અજાણ્યા મોબાઈલ ધારક સામે ફરિયાદ નોંધાવી છે.

કઠલાલ શહેરમાં શુકન સોસાયટીમાં 42 વર્ષીય સરોજબેન લલિતભાઈ જૈન રહે છે. તેમનું બચત ખાતુ ખાનગી ફાઈનાન્સ કંપનીમાં ચાલે છે જે તેમના મોબાઈલ નંબર સાથે લીંક કરેલ છે. સરોજબેનનો 14 વર્ષીય દીકરો સુમિત ગત 16 ફેબ્રુઆરી 2024ના રોજ પોતાનાં ઘરે સરોજબેનનો મોબાઈલ લઈને બેઠો હતો. અને મોબાઈલમાં પ્રોબો ઓનલાઈન નામની એપ્લીકેશન ડાઉનલોડ કરી ઓનલાઈન ગેમ્સ રમતો હતો.

આ ગેમ્સમાં પ્રશ્નોના જવાબ પુછવામાં આવતા હતા જેમાં બે વખત સુમીતે સાચા જવાબ આપી 40-40 રૂપિયા મેળવ્યા હતા. જેથી વિશ્વાસ આવતા આ એપ પર ગત 26મી ફેબ્રુઆરીએ સુમીત ગેમ્સ રમતો હતો અને બીજા દિવસે જીતેલા 40 રૂપિયા વિન્ડ્રો કરેલા હતા.

આ દરમિયાન એક અજાણ્યા મોબાઈલ નંબર ઉપરથી એક ઓટીપી આવ્યો હતો. ગેમ્સ રમવાના ચક્કરમાં સુમિતે આ ઓટીપી ઉપરોક્ત એપ ઉપર દાખલ કરી દીધો હતો. જેના ગણતરીના સમયમાં જ ઉપરોક્ત સરોજબેનના ખાતામાંથી ઓટોમેટીક રૂપિયા કપાવવાનું ચાલુ થઈ ગયું હતું. સરોજબેનને જાણ થતાં એપ્સ રીમુવ કરતા કરતા કુલ રૂપિયા 86 હજાર 750 કપાઈ ગયા હતા. જેથી પ્રોબો એપ્લિકેશન દ્વારા પ્રશ્નો પૂછી ખોટી રીતે છેતરપિંડી કરવાના ઈરાદે આ માધ્યમથી આ છેતરપિંડી કરાઈ હોવાનું જણાય આવતા સરોજબેને ગતરોજ કઠલાલ પોલીસમાં દોડી જઈ ઉપરોક્ત અજાણ્યા નંબર ધારક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી દીધી છે.

---

# વીરપુરમાં કાર ટક્કરે બાઈક સવાર બે મિત્ર ઘવાયાં, 1નું મોત

**બે મિત્રો બાઇક પર** લાલસર તરફ જતા હતા

(પ્રતિનિધિ) વીરપુર તા.18

વીરપુરના બોર ગામ લાખસિંહના મુવાડા પાસે પુરપાટ ઝડપે જતી કારે બાઈક સવાર બે મિત્રોને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં એક મિત્રનું મોત નિપજ્યું હતું. આ અંગે વીરપુર પોલીસે અજાણી કારના ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

લુણાવાડાના ચોરી નિશાળ ફળીયામાં રહેતા પંકજકુમાર ભીખાભાઈ પરમાર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં અભ્યાસ કરે છે અને તેની પાસે બાઈક નં.જીજે 35 ઈ 5751 હતું. દરમિયાનમાં 17મી માર્ચના રોજ પંકજકુમારનો મિત્ર રોહિત પ્રવિણભાઈ ખાંટ (રહે. ચોરી, વીરપુર)એ જાણ કરી હતી કે, જયેશ જયપાલ બારીયા (રહે. કડાછલા, તા. લુણાવાડા) સાથે લાલસર આવ્યો છું, તુ મળવા આવ. જેથી રોહિતને મળવા બાઈક પર લાલસર ચોકડી ખાતે ગયહતો. જ્યાં બન્ને જણા અઢી વાગ્યે લાલસર ચોકડી પહોંચ્યાં હતાં. જયેશ તથા તેનો મિત્ર નિકુલ (રહે. કંબોપા, તા. બાલાસિનોર) એક બુલેટ લઈને ઉભા હતાં. બાદમાં ચારેય મિત્રો સાધકપુર કેનાલ પાસે ગયા હતા અને બપોરના અચાનક રોહિતે કોઈ કારણસર પંકજનું બાઈક માંગ્યું હતું અને તે જયેશ સાથે લાલસર તરફ આવવા નિકલ્યો હતો. દરમિયાનમાં જાણવા મળ્યું કે, લાલસર તરફ બાઈક લઈને આવતા હતા તે સમયે અજાણી કારના ચાલકે પુરઝડપે હંકારી બાઈકને ટક્કર મારી છે. જેના કારણે અન્ય મિત્રો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યાં હતાં. આ અકસ્માતમાં ઘવાયેલા બન્ને મિત્રો જયેશ અને રોહિતને સારવાર માટે લુણાવાડા જનરલ હોસ્પિટલમાં લઈ ગયાં હતાં. જ્યાં ફરજ પરના ડોક્ટરે જયેશને મૃત્યુ પામેલો જાહેર કર્યો હતો. જ્યારે રોહિત હજુ બેભાન હાલતમાં હોવાથી તેને ગોધરા રિફર કર્યો હતો. આ અંગે પંકજ પરમારની ફરિયાદ આધારે વીરપુર પોલીસે અજાણ્યા કાર ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.


**ગુજરાતમિત્ર** તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વહેલી સવારે આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

**આણંદ**
**જય એન્ટરપ્રાઇઝ**
કિશોર પ્લાઝા, આણંદ.
સંપર્ક : 9824545365

**નડિયાદ**
**ઈશાન ન્યૂઝ પેપર એજન્સી**
સાગર ભુવન, ભારત બેકરી સામે, ડભાણ ભાગોળ,
સંપર્ક : 9924487199